પ્રકરણ ૬

::: માલવિકાગ્નિમિત્ર :::

મહાકવિ કાલિદાસે જેમ કાવ્યો અને મહાકાવ્યોની રચના કરી છે. તેમ નાટકો - માલવિકાગ્નિમિત્રમ્, વિક્રમોર્વશીયમ્ અને અભિજ્ઞાન શાકુન્તલમ્ની રચના પણ કરી છે. બંગાળની હાઇકોર્ટના જજ તરીકે આવેલા સર વિલિયમ જોન્સે સંસ્કૃતનો અભ્યાસ કરીને અભિજ્ઞાન શાકુન્તલનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો, તેણે પશ્ચિમની દુનિયા સમક્ષ સાહિત્ય સંસ્કારની એક નવીજ સૃષ્ટિ પ્રગટ કરી. તે દ્વારા પશ્ચિમને ભારતનો નવોજ પરિચય થયો. સર જોન્સે કાલિદાસને Shakespeare of India તરીકે બિરદાવ્યો. તે તુલના ઘણા વિદ્વાનોએ ઉત્સાહપૂર્વક સ્વીકારી લીધી. વિશ્વકવિઓમાંના એક, જર્મનમહાકવિ ગટેએ તો તે વાંચીને એક સુંદર પ્રશસ્તિ પણ લખી.[૧] તેમ છતાં આ તુલનાને વિવેકપૂર્વક સ્વીકારવી ઘટે છે. તેને તેના અંતિમ બિન્દુ સુધીલઇ જવાય નહીં, કેમકે શેક્સપિયરનાં નાટકોની સંખ્યા ઘણી મોટી છે. તેમણે રજૂ કરેલાં પાત્રો અને ભાવોનું ફલક ઘણું વિશાળ છે. કવિકાલિદાસ રસરાજ શૃંગારના સમ્રાટ હોવા છતાં આ બે બાબતોમાં તેની સાથે બેસી શકે તેમ નથી, પણ જેમ ઈંગ્લેન્ડની રાષ્ટ્રીય વિશેષતાઓ શેક્સપિયરમાં, તેમ ભારતની રાષ્ટ્રીય વિશેષતાઓ કાલિદાસમાં પ્રગટ થાય છે. ભારતનાં જીવનદર્શન, સંસ્કાર, ભાવના અને ઊર્મિઓ તેમના સર્જનમાં પ્રગટે છે. માટે તેમને ભારતના વાલ્મીકિ, વ્યાસની સાથે ત્રીજા મહાકવિ ગણવામાં આવ્યા છે.[૨] તે રીતે

૧: જુઓ પરિશિષ્ટ - ૧

૨: શ્રી અરવિંદ

તેમને ભારતના Shakespeare કહેવામાં વાંધો નથી.

મોટાભાગના વિદ્વાનોને મતે માલવિકાગ્નિમિત્ર કવિનું પ્રથમ નાટક છે. રંગમંચની દ્રષ્ટિએ તે સુંદર અને પક્વ પ્રતિભાનું સર્જન છે. તેની રચના પરથી લાગે છે કે તે રચાયું તે પહેલાં નાટકરચનાની લાંબી પરંપરા દેશમાં હશેજ. ભાસનાંનાટકો તેનું પ્રમાણ છે. પ્રિ. કરમારકર,[3] પ્રા. ઝાલા[4], ડો. કીથ[5] શ્રી બલદેવપ્રસાદ ઉપાધ્યાય[6] આદિ વિદ્વાનો એને કવિનું પ્રથમ નાટક માને છે.

આ નાટક માનવ પ્રણય – રાજાઅગ્નિમિત્ર અને માલવિકાના પ્રેમનું નિરૂપણ કરે છે. શુંગવંશના સ્થાપક અને બ્રાહ્મણધર્મના પુનરુત્થાનના એક સબળ પોષક સેનાપતિ પુષ્યમિત્ર નો આપુત્ર વિદિશામાં રહીને દેશની પશ્ચિમ બાજુને સમાલતો હતો. દેશપર વિદેશી આક્રમણના ભણકારા સંભળાતા હતા. શુંગવંશની દ્રઢસ્થાપના કરવાનું કાર્ય પિતાપુત્રોએ કરવાનું હતું! વિદર્ભનો યજ્ઞસેન તેનો પ્રકૃત્યમિત્ર અને વિપ્રિયકારી હતો. તેના કાકાનો દીકરો માધવસેન હતો. તેની નાની બેન માલવિકાને અગ્નિમિત્ર સાથે પરણાવવાનું નક્કી થયું હતું. માધવસેન તેને લઇને અગ્નિમિત્ર પાસે આવવા નીકળ્યો, ત્યાં યજ્ઞસેન દ્વારા તેને પકડીને કેદમાં પૂરવામાં આવ્યો હતો. અમાત્ય સુમતિ, માલવિકા અને પોતાની બેન કૌશિકી સાથે, અગ્નિમિત્ર પાસે આવવા નીકળ્યો હતો, પણ માર્ગમાં તેને લૂંટી લેવામાં આવ્યો હતો. આ ધમસાણમાં તેનો દેહ પડયો,

---

3: શ્રી કરમારકર, કાલિદાસ, પૃ ૯૬ થી ૧૦૭, ૧૭૬.

૪: શ્રી ઝાલા – કાલિદાસ પૃ. ૫૬થી

૫: પ્રા. કીથ – A history of Sk. literature પૃ ૭૫થી

૬: બળદેવપ્રસાદ ઉપાધ્યાય – સંસ્કૃત સાહિત્યકા ઇતિહાસ પૃ. ૪૬૧-૬૭

અને માલવિકા રાણી ધારિણીના ભાઇ અને અગ્નિમિત્રના સેનાપતિ વીરસેનની પાસે, અને ત્યાંથી રાણી ધારિણી પાસે આવી. ત્યાં તે તેની દાસી તરીકે રહેવા લાગી. કૌશિકીએ પ્રવ્રજ્યા લીધી અને તે પણ અગ્નિમિત્રના દરબારમાં રાણીપાસે જ રહેવા લાગી. આ પશ્ચાદ્ભૂમિ સાથે નાટક શરૂ થાય છે.

માલવિકાને એક ચિત્રમાં રાણીની બાજુમાંજ ચિતરેલી જોઇને અગ્નિમિત્રનું ધ્યાન તેના તરફ આકર્ષાય છે. તે કોણ છે? એમ પૂછે છે. જવાબ ન મળતાં આગ્રહપૂર્વક પૂછે છે. કુમારી વસુલક્ષ્મીતે કોણ છે તે કહી દે છે. અગ્નિમિત્રે યજ્ઞસેનને માધવસેનને છોડી મૂકવા જણાવ્યું છે. તેના જવાબમાં તે લખે છે કે જો આપ મારા સાળા મૌર્યસચિવને છોડીમૂકો તો હું માધવસેનને છોડી મૂકીશ. તેથી ક્રોધે ભરાઇને અગ્નિમિત્ર સેનાપતિ વીરસેનને તેને ઉખેડી નાખવા આજ્ઞા મોકલે છે. નાન્દી પછી નાટકની શરૂઆત થતાંજ, રાણી ધારિણીની બે દાસીઓ વચ્ચેની વાતચીતમાંથી જણાય છે કે રાણીએ સર્પમુદ્રા બનાવરાવી છે. રાજા માલવિકાના પ્રેમમાં પડયો છે. માલવિકાને તેની નજરે ન પડે એમ રાખવામાં આવે છે. વિદૂષક ગૌતમ રાજાનો મિત્ર અને કામતંત્ર સચિવ છે. નાટયાચાર્યો ગણદાસ અને હરદાસ રાણી અને રાજાના પક્ષપાતનાં પાત્રો છે. તેમની વચ્ચે સ્વાભાવિક ઇર્ષા છે. તેમાં વિદૂષક ઘી હોમે છે. તે બેઉ રાજાની પાસે આવી પોતાનામાંથી કોણ શ્રેષ્ઠ તે નક્કી કરવા વિનવે છે. કૈંક રમત પામી ગયેલી રાણી ધારિણીને આ વિવાદ પસંદ નથી. વિદૂષકની ચઢવણીને કારણે આચાર્યો મક્કમ રહે છે. છેવટે તેમની શિષ્યાઓની પ્રયોગમાં પરીક્ષા લેવી અને પરિવ્રાજિકા કૌશિકી નિર્ણયાધિકારી તરીકે બેસે એમ નક્કી થાય છે. તે રાજારાણીને સાથે રાખીને જ તે કાર્ય સ્વીકારવાનું કબૂલ કરે

છે.[૭] ગણદાસ વયમાં મોટા છે. એટલે તેમની શિષ્યા માલવિકાનો પ્રયોગ પહેલો જોવાનું ઠરે છે. પ્રયોગ સુંદર થાય છે. બધાંને સંતોષ થાય છે. રાજાને નયનમધુ જોવા મળે છે. વિદૂષક હાસ્યાસ્પદ યુક્તિ કરીને માલવિકાને મંચ પર થોડો વધારે વખતરોકી રાખે છે. તેણે પોતાના ગીત દ્વારા, પ્રણયમાં વિઘ્નો હોવાછતાં રાજાને આત્મસમર્પણ કર્યું છે.[૮] વિરહાતુર રાજા અને અભિલાષમાં નિરાશ માલવિકામાં ત્રીજા અંકમાં મિલન થાય છે. ઉપવન અશોક ખીલતો નથી. તેનું દોહદ, રાણી ધારિણી, વિદૂષકના ચાપલથી દોલેથી પડી ગયાં છે, અને પગે પીડા છે, માટે પૂરી શકે તેમ નથી. તેથી તે માલવિકાને તે કામ સોંપે છે, અને જો તે સફળ થાય તો તેનો મનોરથ પૂરવાનું વચન આપે છે. વિદૂષકે રાણીની બીજીદાસી બકુલાવલિકાને પોતાના કાર્યમાં ભેળવી છે. તેને રાજા પ્રત્યેના પ્રેમમાં માલવિકાને ઉત્તેજન આપવાનું કાર્ય સોંપ્યું છે. ઉત્કંઠિત માલવિકા ઉપવનમાં પ્રવેશે છે. રાજા અને વિદૂષક ત્યાં વિનોદાર્થે પહેલેથીજ આવેલા છે, કેમકે રાણી ઇરાવતી – માનિની, ઉગ્ર શંકાશીલ – એ તેમને – રાજાને – ઝુલે ઝુલવા આવવાની વિનંતી કરી છે. ઇરાવતી આવે તે પહેલાં જ તેઓ માલવિકાને જુએ છે. છૂપાઇને તેની વાત સાંભળે છે. બકુલાવલિકા તેને માટે પ્રસાધન લઇને આવે છે. તે માલવિકાને ઉત્તેજન આપે છે. તેય સાંભળે છે અને આનંદ માણે છે. ઇરાવતી પોતાની દાસી નિપુણિકાસાથે ત્યાં આવી પહોંચે છે. તે છૂપાઇને આ બધું સાંભળે છે.[૯] છેવટે રાજા માલવિકા આગળ પ્રગટ થાય છે. પ્રેમાલાપ ચાલે છે. આખરે અસહનશીલ ઇરાવતી પ્રગટ થાય છે. રાજા વાતને વાળી લેવા પ્રયત્ન કરે છે, પણ નિષ્ફળ જાય છે.

૭: અંક –૧
૮: અંક –૨
૯: આ દૃશ્યમાં સ્ટેજના મધ્યભાગે માલવિકા, બકુલાવલિકા, એકબાજુ રાજા અને વિદૂષક અને બીજીબાજુ ઇરાવતી તથા નિપુણિકા એમ ત્રણભાગ થઇ જાય છે. પ્રેક્ષકો એ ત્રણે જાણે છે. પાત્રોને એનો ભાગ્યેજ ખ્યાલ છે. આ કુશળ દૃશ્ય રચના માગી લે તેવો પ્રસંગ છે. શ્રી બલવંતરાય ક. ઠાકોરે માનનિકામાં તેનેવિષે વિગતે ચર્ચા કરીછે.

ઉગ્ર ઇરાવતી તેના પ્રણિપાતને અવગણીને ચાલી જાય છે.[૧૦]
તેની ફરિયાદથી રાણી ધારિણી માલવિકા - બકુલાવલિકાને
કેદ કરે છે. પોતાની સર્પાંકિત મુદ્રા જોયા વિના તેમને ન
છોડવાનું ફરમાન કરે છે. હતપ્રભ રાજાને શું કરવું તે સમજાતું નથી.
વિદૂષક યુક્ત રચે છે. રાજા પગે ઇજાપામેલી રાણી ધારિણીની
ખબર લેવા જાય છે. થોડી વાર પછી વિદૂષક ગાભરો ગાભરો
પોતાને સર્પદંશ થયાની ફરિયાદ કરતો આવે છે. રાણીને
ભેટ આપવા માટે પુષ્પો લેવાગયો હતો ત્યાં આ બન્યું હોવાનું
જણાવે છે. રાણીને તે સાંભળી ખેદ થાય છે. તેને ઉપાયમાટે
મંત્રવિદ ધ્રુવસિદ્ધિ પાસે મોકલવામાં આવે છે. તે સર્પાંકિત
કંઇક મંગાવે છે. રાણી તરત પોતાની મુદ્રા આપે છે. તેની
મદદથી માલવિકાને છોડાવી તે સમુદ્રગૃહે મોકલે છે. રાજા
પણ રાણીની વિદાય લઇ ત્યાં જાય છે. રાજાના પ્રણિપાતને
અવગણીને પસ્તાતી રાણી ઇરાવતી તેની છબાનેઅનુનયથી
પ્રસન્ન કરવાના ઇરાદે ત્યાં આવી ચડે છે. વિદૂષક માલવિકા
પાસે રાજાને મૂકીને દ્વારપાસે બેઠોબેઠો ઉંઘમાં બબડે છે, તે
સાંભળી ઇરાવતી વહેમાય છે. નિપુણિકા તેના પર તેનોજ
વાંકોચૂકો દંડો ફેંકે છે, એટલે તે ઝબકે છે અને પોતાના પર
સાપ પડયો હોવાનું બુમરાણ કરે છે. રાજા તે સાંભળી ત્યાં
ધસી આવે છે. પાછળ માલવિકા પણ આવે છે. કાવતરું
પકડાઇ જાય છે. ઇરાવતીનો રોષ માઝામૂકે છે. ત્યાં રાજકુમારી
વસુલક્ષ્મીને વાનરે બીવરાવી હોઇ તેની અસ્વસ્થતાના સમાચાર
આવે છે. ઇરાવતી રાજાને તેને સ્વસ્થ કરવા જવા વિનવે છે.
પ્રસંગપર આમ પડદો પડે છે. ઇરાવતીને તો રાણી ઉપર પણ
વહેમ આવે છે.[૧૧]

૧૦: અંક ૩

૧૧: અંક ૪

પાંચ દિવસ પૂરા થતાં પહેલાંજ અશોક ખીલી ઊઠે છે. રાણીને તે સમાચાર મળે છે. તેણે માલવિકાને તેનો મનોરથ પૂરો કરવાનું વચન આપ્યું છે. તે મનોરથ અને રાજાનું મન, કયી બાજુ દોડે છે તે તે જાણે છે અને અશોક વૃક્ષની પુષ્પશોભા જોવાનો ઉત્સવ ગોઠવવાની આજ્ઞા આપે છે. માલવિકાને વિવાહમાટેની વેશભૂષા સજાવવા કૌશિકીને વિનવે છે. રાજાને તે આમંત્રે છે. બધા ત્યાં પહોંચી જાય છે. રાજાને મનમાં ચટપટી છે, પણ વિદૂષક તેની હાજરીમાંયે રાણી માલવિકાને ત્યાં રહેવા દે છે, તે તરફ તેનું ધ્યાન દોરી તેને ધીરજ આપે છે. ત્યાં શુભ સમાચાર આવે છે. યજ્ઞસેનની હાર થઇ છે, વીરસેનનો વિજય થયો છે, ઉપરાંત સેનાપતિ પુષ્યમિત્રે યજ્ઞના અશ્વના રક્ષણ માટે નિયુક્ત કરેલા કુમાર વસુમિત્રના યવનો સાથેના ધારેયુદ્ધના અને તેના મહાન વિજયના સમાચાર પણ આવે છે. બધાં રાણીને અભિનંદન આપે છે. તે આ વિજયનો યશ રાજાને પણ આપે છે. વિદર્ભ વિજયમાંથી મળેલી અને વીરસેને ભેટ તરીકે મોકલેલી બે બાળાઓને રાજા સમક્ષ લાવવામાં આવે છે. તે માલવિકાને ઓળખી જાય છે. બધા ખુલાસા થાય છે. રાજકુમારીને દાસી તરીકે રાખવાનો રાણીને ખેદ થાય છે. વિજયના શુભ સમાચારના ઉપલક્ષ્યમાં તે યોગ્ય વિધિ સાથે માલવિકાનો હાથ રાજાને સોંપે છે. તે પહેલાં તેણે ઇરાવતીની સંમતિ મેળવી લીધી હોય છે. અહીં ભરતવાક્ય સાથે નાટક પૂર્ણ થાય છે.[૧૨] કવિએ પ્રસંગો સંકુલરીતે અને કુશળતાથી યોજ્યા છે. પ્રકૃતિ કવિના સર્જનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે, પણ અહીંતો તે ગૌણસ્થાને છે. અહીંતો રાજમહેલની અંદરના પ્રેમપ્રસંગનું નિરૂપણ છે. પાત્રસૃષ્ટિ પરિમિત છે. આંતર સંઘર્ષ ભાગ્યેજ જામે છે. જે છે તે બાહ્ય સંઘર્ષ જ છે. પાત્રોમાં વિદૂષક સહુથી મહત્ત્વનું પાત્ર છે. નાટકના

૧૨: અંક ૫

કાર્યનો આધાર મોટે ભાગે તેના ઉપર છે. બીજા તો તેની યોજનાને સફળ કરવામાં પોતપોતાને ફાળે આવેલું કામ બજાવે છે. રાજાપણ અહીં નિસ્તેજ નિષ્ક્રિય પાત્ર લાગે છે. વિદૂષકની યોજના મુજબ જે થાય તે થવા દે છે. ધારિણીથી સદા ડરતો રહે છે, ઇરાવતી આગળ તે કંપે છે. બધું નસીબ અને વિદૂષક ઉપર છોડી દે છે. તેની રાજનયપટુતા અને ઝડપી નિર્ણયો લેવાની શક્તિ અને ક્રોધ પણ આ નિસ્તેજ નિષ્ક્રિયતાને ભાગ્યે જ હળવાં બનાવે છે. રાણી ધારિણી, ઇરાવતી અને માલવિકા વિશિષ્ટ લક્ષણોવાળાં પાત્રો છે. પ્રતાપી, ઉદાર, વીર અને પ્રતાપી પુત્રની માતા, વચનપાલક ધારિણી પતિપ્રેમી છે. તે પતિને ઉદારતાપૂર્વક અનુકૂળ થાય છે. તેને રાજાની આ ભ્રમર વૃત્તિ ગમતી નથી, પણ તેનું સ્થાન કોઇથી ડગાવાય નહીં એવું છે. અસહન શીલ અને ઇર્ષ્યાળુ ઇરાવતી ક્રોધમાં પોતાનાં ભાન અને મર્યાદા ભૂલી જાય છે. તેનો આ સ્વભાવ જ તેને પસ્તાવાનું મોટું કારણ થઇ પડે છે. માલવિકા મુગ્ધા, ગભરુ, નિરુત્સાહી બાળા છે. રાજકુમારીનું ગૌરવ પણ તેને યાદ રહેતુંનથી. કૌશિકીને ય તે ઓળખી શકતી નથી. ક્ષણેક્ષણે તેને નિરાશાજ વિચારો આવે છે. એવી તે પરવશ છે. કૌશિકી ચતુર પાત્ર છે. રાજા અને માલવિકાના લગ્નમાં તેને રસ છે. તે માટે તે મદદ પણ કરે છે. શ્લોકોમાં સ્થળે સ્થળે કાલિદાસની પ્રતિભાનો ચમકાર દેખાય છે. પણ અહીં કવિની વિશેષતા, સંકુલ પ્રસંગો, ઝડપી અને રસિક બનતું કાર્ય અને પાત્રાલેખન આદિમાં છે. સ્વાભાવિક રીતેજ શૃંગાર કેન્દ્રસ્થાને છે. કવિ કુતૂહલ (Suspense) નો નિર્વાહ સારી રીતે કરી શકે છે. આમાં જીવન રહસ્યદર્શનનાં ગંભીર ઉંડાણ એવા મળતાં નથી. છતાં વિલાસી પ્રૌઢ રાજા અને મુગ્ધા રાજકન્યાના પ્રણયાલેખનમાં

એક સ્થળે તે પ્રેમની ફિલસુફીનો ઇશારો તો કરી જ દે છે.[13] એકંદરે રંગમંચ અને અભિનેયતાની દૃષ્ટિએ ધ્યાનમાં રાખીને રચાયેલું આ નાટક સુંદર રચનાકૌશલનો નમૂનો છે. તેમાંનાં કેટલાંક પાત્રો ઐતિહાસિક છે. પેલા બે પાત્રો પણ તાદૃશ છે, તેથી કવિને અગ્નિમિત્રના સમકાલીન કે તેના પછી થોડે સમયે થયેલા માનવાનો પ્રયત્ન થયો છે. તેમાં નિરૂપેલી વસ્તુસ્થિતિ જ્ઞાત ઇતિહાસને આધારે જણાયેલી તત્કાલીન ભારતીય પરિસ્થિતિથી બહુધા અવિરોધી લાગે છે. પણ શ્રી બલવંતરાય ઠાકોર નોંધે છે[14] તેમ તેને શુદ્ધ ઐતિહાસિક નાટક માનવા જતાં વિચાર કરવા જેવું છે. તે માટે હજી વધારે નક્કર અને સાધક પ્રમાણોની અપેક્ષા રહે છે. તે મળે તોજ તેના પ્રસંગોને પૂરા ઐતિહાસિક માની શકાય.

: શ્રી રણછોડભાઇ ઉદયરામ દવે :

માલવિકામિત્ર નાટક :પંચાંકી:

શ્રી મન્મહાકવિ કાલિદાસનું રચેલું, તેનું મૂળ ઉપરથી ગદ્યપદ્યાત્મક ભાષાંતર - ગુજરાતી ભાષામાં - ૧૮૭૦ આજથી ૯૪ વર્ષ પહેલાં ૧૮૭૦માં પ્રગટ થયું છે.

નાન્દી શ્લોક ૧

અશ્વર્યક પદ અને બેસવાને કૃતિ છતાં
પ્રણતજનોને પોતે બહુ ફલદાય છે,

૧૩: અંક ૩ શ્લોક ૩

૧૪: શ્રી બલવંતરાય ક. ઠાકોર - માલવિકા૦ નો અનુવાદ - મનનિકાટીકા. પૃ-૩૦૪]

કાન્તાયુક્ત દેહ છતાં વિષયથી વિરક્ત જે
થયેલા યતિઓ તેમાં પ્રથમ ગણાય છે,
આઠમૂર્તિ રૂપે જેણે જગત વ્યાપી લીધું છે
તો પણ અભિમાન જેને ન જરાય છે,
એવો ઇશ લોક કેરા સન્માર્ગનો કાજ હરો
તામસી વૃત્તિ તમારી એવો આશીર્વાદ છે.

રેખાંકિત ૧. कृत्तिवासा: માટે છે. "જે ચર્મ પહેરે છે એવો અર્થ છે. ૨. માટે મૂળમાં परस्तात् છે. ૩.सन्मार्गालोकनाय માટે છે. ૪. ઉમેરો છે.

અનુવાદકે રંગભૂમિની દૃષ્ટિએ અંકોને પ્રવેશોમાં વહેંચી નાંખ્યા છે. તેમાં કોઇ ૧-૨ તો કોઇ ૮-૧૦ પૃષ્ઠોના પણ છે. પહેલામાં અંકમાં ૬, બીજામાં ૧, ત્રીજામાં ૬, ચોથા પાંચમામાં પાંચ પાંચ એમ પ્રવેશ છે.

नागमुद्रासनाथम् નો અનુવાદ "નાગની મુદ્રાવાળી" - જોઇએ. તેને બદલે "નાગચીતર્યો છે" એમ કરે છે. અનુવાદમાં સ્થળે સ્થળે સંવાદનાં વાક્યોનો અર્થ કંઇક બદલ્યો છે, અથવા ખોટો કર્યો છે, વિસ્તાર્યો છે અથવા તળપદી કે લોકોક્તિમય વાણીમાં કર્યો છે, થોડા નમૂના:

:૧: "પ્રસરતા કેસર કિરણોવાળી આ મુદ્રાથી તારો હાથ જાણે પુષ્પિત બન્યો છે." "નેબદલે " એ વીંટીનાં કિરણ પ્રસરેલાં છે તે કેસરના જેવાં દેખાય છે. તેથી જાણે તારા હાથને ફુલ આવ્યાં હોયની એમ જણાય છે."

:૨: "ઉપદેશગ્રહણમાં માલવિકા કેવી છે તે દેવીની આજ્ઞાથી નાટયાચાર્ય ગણદાસને પુછવા જાઉં છું" ને બદલે "નાટયાચાર્ય ગણદાસ પાસેથી માલવિકા કેવી માલમ લે છે એ વિશેની તજવીજ કરવા સારું...."

: ૩: પૃ. ૬ "આવા કાર્યથી પાછે ન હોવા છતાં", ને બદલે "આ પ્રમાણે તાલ મેલ લગાવી છે. છતાં......."

: ૪: "આકૃતિ વિશેષમાં આદર થાય છે", ને બદલે "જે સુંદર હોય તેને વિષે પૂછપરછ કરવાને આદર થાય છે." રેખાંકિત મૂળનો બરાબર પડઘો પાડતું નથી અને ઉમેરો પણ છે.

: ૫: "બાલભાવને યોગ્ય જ છે", ને બદલે "બાળક ભેદ ન સમજે તે એમજ કરે."

: ૬: "બહુ શ્રમ કરાવે છે કે ઝડપટ શીખી જાય છે." માં રેખાંકિત ઉમેરો છે.

: ૭: "દીર્ધિકા - જોવા માટેના ઝરૂખે" ને બદલે "જેમાંથી દીર્ધિકા જોઈ શકાય છે તેવી બારીએથી."

: ૮: "બહુજ સારી યુક્તિ રચી છે - એથી કરીને બની શકે નહિ એવું એ કામ છતાં તારા આશ્રયથી બર આવશે એવી મને આશા રહે છે. - "તે હવે સિદ્ધિ મળવી મુશ્કેલ એવા આ પ્રયત્નમાં પણ મને આશા રહે છે'" ને બદલે છે.

: ૯: "અહીં તમારા મારા વચ્ચે સમુદ્ર અને ખાબોચિયા વચ્ચે જેટલું અંતર છે તેટલું મારી અને તમારી વિદ્યા વચ્ચે છે."

પૃ. ૧૪ "ઇતઇતો ભવતી"નો માટે "દેવી ધારિણી" - આ રસ્તે પધારીએ" પ્રયોગ સારો લાગે છે.

પૃ. ૧૬ उदरंभरिणो संवादम् - માટે "ભલેને ઘેટા લઢી મરતા" વ્યર્થ અમને વર્ષાસન આપવાથી લાભશો?

૧૨: નક્કી તને તો કલહ કરાવવો ગમે છે.

૧૩: अलम् માટે "ઘણી થઇ".

૧૪: : પૃ. ૧૮: "આપ ખરું કોહો છો, અને ગણદાસ, સંગીતપદે મળતાં સરસ્વતી ઉપાયનના મોદક ખાનારા તારે મેં બાંધી લેતા વિવાદનું શું કામ છે?" - ને બદલે રાણી સાહેબ ખરી વાત કહે છે. અહો ગણદાસ, ગાણું શીખવતી

"હું સંધિચ્છેદ શીખ્યો છું." ને બદલે "હું સંધિચ્છેદ શિક્ષક છું."
"શા માટે આત્માને આયાસ : શ્રમઃ દઉં" ને બદલે તેની
બળતા મારે શું કરવા જોઇએ?"
પૃ. ૫૭ 'જેમ મંગળરાશિમાં વક્ર પ્રતિગમન ન કરે ત્યાં સુધીમાં'
ને બદલે "મંગળનો ગ્રહ જે શુભસ્થાનપર રહીને કાંઇ વિઘ્ન
કરે છે તેમ એ પણ કાંઇ લફરું ઊભું કરશે." રેખાંકિત ઉમેરો છે.
અનુવાદ મૂલાપસારી અને શિથિલ છે. પૃ. ૬૧ "બિલાડીના
મુખમાં પેઠેલી કોયલના હોય તેવા" – ને બદલે "કોયલ
બિલાડીના મુખમાં આવી ગઇ છે" પૃ. ૬૨ "શું વલ્લભજન : રાજા:
ને મળ્યાં? તો તેણે કહ્યું, તમારો વિવેક મંદ છે કે, પરિજનમાં
સંક્રાન્ત થયેલો તેમનો પ્રેમ જાણતાં નથી" – નેબદલે "તેને પછી
દેવિયે પૂછ્યું કે, પ્રિયજનનું હિત ઇચ્છનારાં છતાં અડેલે શરીરે
કેમ છો? ત્યારે તે સંતાપ પામેલી બોલી કે પ્રિયજનનો પ્રેમ
દાસ લોકો ઉપર થવા લાગ્યો, તો હવે ઠાઠમાઠની શી અગત્ય
છે?"
પૃ. ૬૪ "મને સાપ કરડયો?" ને બદલે અમને કરડયો રે
મારા બાપ!"
પૃ. ૬૭ "તમારું નક્ષત્ર ઉપસર્ગવાળું છે?" ને બદલે "તમારાં
જન્મનક્ષત્ર પાપગ્રહથી પીડિત થયાં છે."
પૃ. ૭૦ "અદાક્ષિણ્ય હો એમ"ને બદલે "સરળ હોય એમ મને
લાગતું નથી."
પૃ. ૭૭ "આ મારે ઇર્ષા કરવાનો કાળ નથી. તેથી
:તમારું: બહુ માન વધારવાને સખી સાથે માલવિકાને બંધનમાં
નાંખી છે. જો આર્યપુત્રનું પ્રિયકરવા અનુમતિ આપો તો તેમ કરું!
ને બદલે "હવે તમારે મત્સર કરવાનું કાંઇ કારણ રહ્યું નથી.
તમારું માન વધારવાને માટે માલવિકાને સખી સાથે કેદખાનામાં

નામી છે. માટે મહારાજને વિનવવાના હોય તો હું તમારી વતી વિનવું."

'ખાઇને ખોદે તેવો છે, ડોચું ભરે છે,' ગ્રામ્ય પ્રયોગ છે.

પૃ. ૭૮ "એતો હાનું ખરાબ" ને બદલે "એયો આચમત્કાર" આવે ધોળે દિવસે તમારા બન્નેનો મનોરથ પાર તો પડયો ને" मिथुनस्य છોડયું છે. તે ઔચિત્યની દૃષ્ટિએ યોગ્ય છે.

પૃ. ૭૯ "વર્ષતો અટકે છે?" માટે "વર્ષવાનું સાંભરી આવે છે?" વિપર્યય છે.

પૃ. ૮૪ સુવર્ણ સંખ્યા – દક્ષિણામાટેની માં મતભેદ છે. परिवृत्तौ यौवने: 'યૌવનનાં વળતાં પાણી છે" ને બદલે "યૌવનાવસ્થાની મધ્યમાં આવેલો છે." "અનુમતિ આપે છે." ને બદલે "પોતાની મરજી જણાવશે."

"પત્રોર્ણ" માટે "પીતાંબર" શબ્દ વાપરે છે.

પૃ. ૯૭ "રાજ સૂયજ્ઞ"નો ઉલ્લેખ કરે છે તે ભૂલ છે. "રાજયજ્ઞ, મહાનયજ્ઞ, અશ્વમેધયજ્ઞ ને બદલે એમ કર્યું છે. "સિન્ધુ" માલવાની એક નદી છે. તેનો ઉલ્લેખ છે તેને બદલે "સિંધુ નદ" ખોટું કર્યું છે. પૃ. ૧૦૦ "પણ મેં પોતેજ સ્વામીને અનુકૂળ આચરણ કર્યું છે" – ને બદલે "પણ આપે જેવું કર્યું છે તેવું જ મેં પણ કર્યું છે. "એમની સેવાને આર્યપુત્ર અવશ્ય ધ્યાનમાં રાખશે. ને બદલે "આર્યપુત્ર તારા સંદેશાનું માપ રાખશે."

આ બધામાં ઉપર્યુક્ત વિધાનની સચ્ચાઇનો ખ્યાલ આવે છે. અનુવાદકે મોટે ભાગે સમશ્લોકી અનુવાદ કર્યો નથી. શાર્દૂલવિક્રીડિત જેવા છંદો વાપર્યા છે. પણ મોટે ભાગે તો માત્રામેળ છંદો તરફ વધારે ધ્યાન છે. મનહર, રોળા, ચોપાઇ, પ્લવંગમ આદિતરફ વલણ વધારે દેખાય છે. આ છંદો મૂળના છંદો કરતાં લાંબા હોવાના કારણે બે પરિણામ થાય છે. અનુવાદ પ્રસ્તારી શિથિલ અને ઉમેરાવાળો થાય છે. અને મૂળની ચોટ અને

~~ચોટ અને~~ સૌન્દર્ય ઓછાં કે તદ્દન લુપ્ત બની જાય છે. જેમકે
શ્લોક ૪, મનહર:

દેવોને બહુજ પ્રિયએવો જેવા જેવો જગન
આવું પદ નાટયને મુનિઓ યોગ્ય આપે છે,
પાર્વતીને ~~અંગમાંહ~~ ધારણકરે બે રૂપે
શિવ બે ભાગની માંહ્ય નાટયને સ્થાપે છે,
ત્રણે ગુણ થકી થતાં લોકનાં ચરિત્રસર્વ
અનેક રસથી મુક્ત જગમાં જણાય છે,
તેમાં જુદી રૂચિવાળા જનોને પણ નાટયતો
આરાધન કરવાને યોગ્ય તે ગણાય છે.

મૂળમાં – "મુનિઓ આને દેવોનો શાંત ચક્ષુયજ્ઞ માને છે. રુદ્રે પોતાના અંગમાં ઉમાના ભળવા પછી તે ને બે ભાગમાં વહેચ્યું છે. એમાં ત્રિગુણોથી અને વિવિધરસવાળું લોકચરિત્ર દેખાય છે. આમ હોઇને એક હોવાછતાં ભિન્ન રૂચિવાળા માણસોનું બહુધા એકજ આરાધન છે.

અહીં કેટલાંક પદો છોડયાં છે, કેટલાંક અધૂરાં ઉતરે છે તો કેટલાંક – રેખાંકિત – ઉમેરા છે. તેને કારણે શિથિલતા આવે છે.

શ્લોક ૧૫, ગીતિ:

અતિશ્રેષ્ઠ પ્રસવ જેનો, સમાન છે બે ક્ષમાતણી ભારી
દેવીને પૃથિવીનો ભવભર્તા, સો વર્ષ લગણ બેંરી

રેખાંકિત પ્રયોગ સાદો – ગ્રામ્ય છે. જોકે અનુવાદ સારો છે.
શ્લોક ૧૭ સો પ્રસ્તારી છે. "ज्ञानपण्यं वणिजं वदन्ति"
માટે 'વિદ્યા તેમજ વેચનાર જનને તેથી જ કે'વાય છે.' પ્રસ્તારી અનુવાદ છે.

શ્લોક ૨૧, મનહર:

અવ્યક્ત શબ્દાયમાન થનારી પુષ્કરતણી
મયૂરી માર્જના એવી ગતિ જે કો થાય છે,
તે તણું ઉત્પત્તિ સ્થાન, મધ્યમ સ્વરથી થાય
જેહ નાદ જાણે મેઘ ગાજતો જણાય છે,
એવી શંકા મોર કેરા મનડાનીમાંહે થાય
તેથી ઉંચી ડોક કરી, દેખતા દેખાય છે,
એવી એ ગતિનો થતો, નાદ કાન માંહી પડી
મનને ઘણું જ મદવાન કરી જાય છે.

પ્રસ્તારી છે. સાથે જ સરળ પણ છે, મૂળનું નાદ સૌન્દર્ય અને ધ્વનિ તેમાં ભાગ્યેજ ઉતરે છે.

અંક ૨ શ્લોક ૩૭નું પણ એવું જ, વધારામાં पाली प्रमृष्टे दूल नो अर्थ छोडयो छे.

પૃ. ૨૭ શ્લોક ૬નો સ્ત્રી ગ્ધરામાં અનુવાદ સારો છે. નિર્મળી માટે "કતક" શબ્દ વાપરે છે. પાદટીપમાં "કતકફળનો ભૂકો કરી મેલા પાણીમાં નાંખવામાં આવે તો મેલ નીચે બેસી જાય છે." એમ લખે છે.

પૃ. ૨૮ શ્લોક ૮, મનહરઃ

ગુપ્ત રહયાં છે વચન એવા અંગવડે કરી
ઉત્તમ પ્રકારે અર્થ સૂચવિયો છે સઙી,
તાલની પ્રમાણે પગ થન થન થઇ રહયાં
રસ મચ્યો તેમાં, રસમય તે થઇ ગઇ,
આંગળિયો મધ્યે થયા, એવા મૃદુ અભિનય
તે પ્રમાણે દીધો ચિત્તભાવ ચતુરાઇ થી,
એવું એનું ગાન તાન વિષયના હેતુ થકી
ભાવ બહુ ઉપજાયે અતિ લિનતાઇથી.

રેખાંકિત ૧ સમ્યગ્ માટે છે, ૨. વધારાનું છે, બાકીનું રેખાંકિત બધું પ્રસ્તારી છે.

શ્લોક ૧૨, મનહર :

તલાવના કમળની પત્રકેરી છાંયામાંહ
મિંચેલી આંખ્યો રાખીને હંસતો વિરાજે છે,
અતિશય તાપે કરી વલભિયે વસવાને
દ્વેષી પારેવાં છે તેવાં રાજવાડો આજે છે,
ફરતા ફુવારામાંથી પડતાં બિંદુઓ પીવા
ઇચ્છા અંતરમાં એવો, શિખી સરી જાય છે,
સર્વ રાજગુણો વડે રાજે છે તું રાજા જેમ
તેમ સપ્તસપ્તિ કેરી, સરસ શોભાય છે.

મુળમાં "દીર્ઘિકાની પદ્મિનીનાં પત્રોની છાયામાં હંસો આંખ મીંચીને રહ્યા છે, મહેલોમાં અત્યંત તાપને લીધે પારેવાં વલ્લભી છજામાં વસવાનો દ્વેષ કરે છે, ભમતા વારિયંત્રમાંથી ફેંકાતાં બિંદુઓને પીવા મોર તેની પાસે જાય છે, જેમ તમે બધા ઉત્તમ ગુણોથી શોભો છો તેમ સૂર્ય પણ ઉત્તમ તેજથી શોભે છે." એમ છે. મુળાનુસારી પણ કૈંક પ્રસ્તાર વાળું અને ફિક્કું છે.

અંક –૧ શ્લોક ૩ : રોલા અથવા કાવ્ય છંદ:

પ્રીતિ ભંગના હેતુ ઘણા જોવામાં આવે,
માટે કમી સહવાસ થાય તે તો બહુ ફાવે,
મનસ્વિનીને અધિક પ્રથમથી પણ વણભાવે,
લાડ લડાવવા જતાં મને તો અઘરું લાગે

રેખાંકિત ઉમેરો છે. એકંદરે સરળ અનુવાદ છે. શ્લોક ૫નો અનુવાદ ઓખાહરણની ચોપાઇની ચાલમાં કર્યો છે. તે પ્રસ્તારી છે. મુળનું ધ્વન શૈલીમાં વ્યક્ત થતું શબ્દ અને અર્થનું સૌન્દર્ય તેથી ફિક્કું પડી જાય છે. આજ વાત નાને મોટે અંશે બધા શ્લોકોના અનુવાદને લાગુ પડે છે. ક્યાંક વધારે પ્રસ્તાર હોય ત્યાં

ઉમેરા પણ એવા મળે છે.

અંક ૫ શ્લોક ૨૦

હે ચડી પ્રતિપક્ષી થાય નહિ કો એવું કરું માગણું,
તે કતાઁ તું પ્રસન્ન થા, મુજ પરે એતો અધિકું ગણું,
અગ્નિમિત્ર હું રક્ષણે, છઉં છતાં ઇચ્છા પ્રજાને રહી
તે તો પૂર્ણ ન થાય નાશ ઇતિની એવું કંઇ છે નહીં.

મૂળમાં ભરત વાક્ય આમ છે – "હે દેવિ તમે સદા મારા પર પ્રસન્ન અને સુમુખી રહો એજ હ્રદયમાં અપેક્ષા છે. પ્રજાની ઇતિના નાશ વગેરેની ઇચ્છા પૂર્ણ નથાય એવું અગ્નિમિત્ર રક્ષક છે ત્યારે ન બને.

આમ, આ અનુવાદ વિશે વિચારતાં એમ લાગે છે કે
:૧: રંગભૂમિના રસિયા, તેના ઉધ્ધાર માટે સતત પ્રયત્ન કરનાર, તે વખતની રંગભૂમિ અને તેના નાટક રસિયાઓની કક્ષા ધ્યાનમાં રાખી ~~અને તેના નાટક~~ સંખ્યાબંધ નાટકો લખી ગુજરાતી નાટકસાહિત્યના પિતાનું બિરદ પામનાર, અભિનિવેશ યુક્ત અનુવાદકે આ અનુવાદ ૯૪ વષ પહેલાં કર્યો છે. તે સમશ્લોકી નથી. તેને બદલે માત્રામેળ છંદોનો પ્રયોગ વધારે કર્યો છે. તે મોટેભાગે મૂલાનુસારી છતાઁ, સરળ પ્રસ્તારી અનુવાદ બન્યો છે.
:૨: ક્યાંક ક્યાંક મૂળનો અથ ખોટો સમજ્યો છે. અર્થ વિપર્યય પણ થયો છે. જોકે તેવાં સ્થાનો થોડાં જ છે. સામાન્ય પ્રજાને સમજાય તેવી ભાષા, લોકોક્તિઓનો પ્રયોગ આદિ અનુવાદને લોકભોગ્ય બનાવે છે. તો મૂળના અર્થ ગૌરવ, કે શૈલી લાલિત્યને ઝાંખુયે પાડે છે. ધ્વનિનું પણ એમ જ થયું છે.
:૩: તે વખતની ગુજરાતી ભાષા આવા અનુવાદ માટે પૂરતી વિકસિત કે સમર્થ ન હતી. ભાંખડિયા પર ચાલતા બાળક જેવી તેની દશા હતી. સૂક્ષ્મ ભાવોને વ્યક્ત કરવા માટે

તેમાં યોગ્ય શબ્દો રૂઢ થયા નહતા. જે જમાનામાં અનુવાદક ઉછર્યા તે જમાનાની આ સ્થિતિમાં તેમની ભાષા ઘડાયેલી, તેનો પ્રભાવ આમાં દેખાય છે. લેખન અને જોડણીની કેટલીક વિચિત્ર રીતિઓ જોવા મળે છે. નર્મદ અને વિશેષે નવલરામની ભાષાની તુલનામાં તે ઓછી પરિમાર્જિત છે, એમ લાગે છે. તેમણે કેટલાક શબ્દો જે રીતે વાપર્યાં છે તેથી તેની પ્રતીતિ થાય છે.

તાલમ :તાલીમ: દેવિયે, ગલેડાઇને, કુલી:ખુલી:, કાહાડ્યું, કન્યા, બાહાર, કોહો, વિશ્રાન્તી, બેહેન, રાજિ, આવ, ન્યા :ન્યાય:, સ્વીકાર માટે :સ્વીકાર: લગણ :લગી:, નહિકર :નહિતર:, કર્તાં :કરતાં:, તેણિયે, અહિ :અહીં: મધપાન :મદ્યપાન:, કહિ :કહીં:, કીડીયો, બેઠ, ડોઝું, સ્ત્રિ, પિયળ, રાહા :રાહ:, તરૂણી, દૈવ્ય :દેવ:, ભૂતાર :ભરથાર:, આદિ તેવા પ્રયોગો છે. એકદરે આ અનુવાદ સામાન્ય છે.

શ્રી કે. કા. શાસ્ત્રી – ૧૯૨૪
:એક કાઠિયાવાડી: – નાગરિક પ્રકાશનમંદિર.

તે "પ્રેમની પ્રસાદી" નામથી પ્રગટ કરેલો છે. ત્યાર પછી ઇ.સ. ૧૯૪૮માં "નાટક" સામયિકના એક અંકમાં તે પૃ. ૯થી ૫૯ સુધી પ્રગટ થયો છે. એજ વર્ષમાં ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય તરફથી કાલિદાસનાં ત્રણ નાટકો તરીકેય પુસ્તકાકારે પ્રગટ થયો છે. એની પ્રસ્તાવનામાં લેખક પોતે જણાવે છે તેમ ૧૯૨૪માં ૧૯ વર્ષની વયે એ "એક કાઠિયાવાડી" ના નામથી તેમણે એ કરેલો. :પૃ. ૮:

છેલ્લી આવૃત્તિમાં એને નવેસરથી રજૂ કરીને મૂક્યો છે. અહીં એ ત્રણેયને ખ્યાલમાં રાખીને વિચાર્યું છે. તેમાં પ્રથમ 'પ્રેમની પ્રસાદી' નો વિચાર કર્યો છે.

પ્રસ્તાવનામાં તે કાલિદાસને રાજાઅગ્નિમિત્રના સમકાલીન ગણાવે છે.[૧૫] ઉપરાંત લખે છે. "અહીં સ્વીકારવામાં આવેલી જોડણી માટે મારે કહેવું જોઈએ કે તે જોડણીમાં ત્રણ મુખ્ય તત્ત્વો, શાસ્ત્ર, ઉચ્ચારણ અને સારલ્ય(તા) સમન્વયપૂર્વક આપવામાં આવેલી છે. આમાં બીજા વિદ્વાનોને મતભેદ હશેજ, કેમકે भिन्नरुचिर्हिलोकः। આમ છતાં ગુજરાતી ભાષાના સ્વરૂપને નજીકમાં નજીક આ જોડણી છે. એમ મારૂં માનવું છે. ક્યા નિયમોને હું અનુસર્યો છું, તે વાચક જોડણી વિષયમાં રસ લેનાર હશે તો સમજી જ જશે, એટલે અહીં તેવા નિયમો આપવાને કારણ નથી."[૧૬]

અનુવાદકે આ અનુવાદમાં અંકોને દૃશ્યોમાં વહેંચી નાખ્યા છે, પાત્રોનો પરિચયે આપ્યો છે. ભાષણોના અનુવાદમાં સર્વત્ર વિશેષતા જોવા મળે છે. તળપદા પ્રયોગો અને સરળ લોકગમ્ય ભાષા રાખવાનો શોખ અને પ્રયાસ, ગ્રામ્યતા, શુષ્કતા અને અનૌચિત્યની હદમાં સરી પડે એટલો બધો થયો છે.

અંક-૧ શ્લોક ૧

એકસ્વર્યે રહેલો, પ્રણત (બહુ) દૂખી, છે છતાં ચર્મધારી
કાન્તાથી મિશ્ર દેહે, અવિષયમનના સિદ્ધિમાં અગ્રચારી,
જે પોતે અષ્ટ દેહે સકલ જગધરે, તોયનાગર્વધારી,
તે આ સન્માર્ગ જોવા હર અલગકરો વૃત્તિ મેલી તમારી.

૧૫: "પ્રેમની પ્રસાદી" - નાગરિક પ્રકાશન મંદિર - પ્રસ્તાવના પૃ. ૭

૧૬: એજ

રેખાંકિત ૧. स्वयम् માટે છે. ૨. परस्तायतीनां અને ૩. वृयमनम्तु માટે છે.

ભાષણોના અનુવાદ વિશેષે અસુભગ અને કઠે તેવા બન્યા છે. અનુવાદને લગભગ પાને પાને એવા પ્રયોગો છે. ત્યાં અર્થ બરાબર ઉતર્યો નથી, કાં પ્રયોગ પ્રાંતીય અને અસુભગ છે. ક્યાંક અનુચિત છે, ક્યાંક અવધાનના અભાવે અનુવાદક મૂળના અર્થને બરાબર સમજ્યા નથી, અને અર્થવિપર્યય કર્યો છે. થોડા નમૂના પૃ. ૧ इतः तावत् માટે "જરા ઓરા આવજે" વિવેકહીન કહ્યું" ને માટે "વિવેકની તો હદજ વાળી નાખી". अन्यतरत् માટે "સંર્વેળે", मूढः परप्रत्ययनेय बुद्धिः માટે "મૂઢો પરજ્ઞાનચરામળે છે" થોડાજ સમયથી જેનો ઉપદેશ આપવાનું શરૂ કર્યું છે તેવા છલિત પ્રયોગમાં માલવિકા કેવીક છે" ને બદલે "થોડાજ સમયમાં થવાના છલિત નામે નાટય પ્રયોગમાં માલવિકા કેવુંક કામ કરશે? "તારો હાથ અને પુષ્પિત થયો છે" ને બદલે "કરેકેસર ઝરતી આ,વીંટીયે તુજ સ્મરૂં કરોજ કુસુમી" પદમાં છે. "વિશિષ્ટ આકૃતિઓમાં આદર પેદા થાય છે" ને બદલે અચ્છો સીનો ધ્યાન ખેંચે બધાંનું" "વસુલક્ષ્મીએ મૃગ બાકી નાંખ્યાં" માંનો લોકબોલીનો પ્રયોગ "અંત: પાલકુંમાં નીમ્યો છે" ને બદલે સીમાડાના કિલ્લામાં રોક્યો છે.' "નર્મદા તીરે" ને બદલે "મંદાકિની તીરે" : અહીં લેખકે કોઇ બીજી પ્રતનો પાઠ લીધો હોય તોયે તે ખોટો છે. કેમકે વિદર્ભ દેશને મંદાકિની સાથે નહીં પણ નર્મદા સાથેજ સંબંધ છે: "પાત્ર વિશેષમાં મૂકેલી : શિખવેલી: કલા વધારે ગુણવાળી બને છે" ને બદલે "પાત્ર વિશેષ મેલ્યો, ઉપદેશકનો લિયે કસબ ગુણને", "એ આપે માધવસેનને મારી પાસેથી મુક્ત કરાવવો હોય", ને બદલે "આપે મારી પાસેથી

માધવસેનને મુક્ત કરાવવો જોઇએ""બહુ બડાઈ શા માટે" ને બદલે "બસ બસ બહુ બોલ્યે" "સિદ્ધિ તો મુશ્કેલીથી મળે તેવા કાર્યમાંયે આ આરંભથી અમને આશા પડે છે". ને બદલે "સિદ્ધિ તો મુશ્કેલીથી મળશે. પરંતુ આવી શરૂઆતથી કંઇક આશા રાખી શકિયે".

પૃ. ૧૩માં રાજા: આમ જને! દેવિ?

गणदास: "નૈબળા વિદ્યાર્થીને તૈયાર કરવો એમાં જ શિક્ષકની કસોટી છે" માટે મૂળમાં માત્ર રાજાનીજ ઉક્તિ છે, "સરસ્વતાના ઉપાયનના મોદક ખાતા તને......." "સરસ્વતીના નિવેદનના લાડવા કાતર્યે રાખ" "વિવાદમાં તો તું બંધાઇ જાય એમ છે". માટે મેલ માથાકૂટ," मूढे परिव्राजिके, માટે "અલી ડોબી સાધુડી", "ત્યજાયો હું જ આપથીને"બદલે "ત્યજાયો હું નકારમાં".

"સર્વાંગ સૌષ્ઠવના પ્રકાશન માટે બેઉ પાત્રોઆછાં સજાવેલાં જ પ્રવેશે" ને બદલે "સ્વાંગ સૌષ્ઠવના પ્રકાશન માટે પડદા પાછળ રહેલાં બેઉ પાત્રોને પ્રવેશવાદો!

"નજર કરો" માટે "નજર આપો, "ક્ષોભ"ને માટે "ગભરામણ", "ક્રમ ભેદ ભૂલાયો છે" ને માટે "કરવાનો અભિનય વિસરાઇ ગયો છે" : પૃ. ૨૩: "તાલીમ નિર્દોષ છે એમ દેખાય પછી તુંજજે" તે સ્થાને "સ્પષ્ટ તાલીમ દેખાડયા પછી તું જજે", "દેવની સાથેની સોબતને લીધે" ને બદલે "દૈવ જ્ઞાનને લીધે". : બીજા અનુવાદકો અર્થ બરાબર કરે છે. અનુવાદકે અયોગ્ય પાઠ સ્વીકાર્યો હોય તેથી આમ બન્યું લાગે છે:

"આજે હું નાટ્યાચાર્ય સાચો" ને બદલે "આજે નર્તક છું હું," મૂળમાં દેવી અભિનંદન ગણદાસને આપે છે. "ભૂલ વગરના આરાધનથી આર્યવૃદ્ધિ પામે છે તે સારું થયું" ને બદલે અહીં "આર્ય ગણદાસની તાલીમમાં કંઈપણ અપરાધ ન આવતાં આપ ખુશ થયા તે ઘણું જ સારું થયું" એમ વિદૂષક કહે છે, તે મહો રાજાને ઉદ્દેશીને, તે બરાબર નથી. પછીની ઉક્તિમાં તેનો જવાબ ગણદાસ જ આપે છે. પૃ. ૨૫ "ઇચ્છાકરી"ને બદલે "ઇચ્છાકરી પાડી" પૃ. ૨૬ પર દાક્ષિણ્ય માટે ચાલાકી શબ્દ પ્રયોગ છે. દાક્ષિણ્યમાં જે પ્રેમવિષયમાં નાગરિક કુશળતા છે, તેનોઅર્થ અહીં સંતોષકારક રીતે આવતો નથી. ચાલાકી શબ્દ હવે કૈંક હીન અર્થમાં વપરાય છે. પૃ. ૨૭માં "કંદોઇની ભઠ્ઠીની પેઠે મારા હૃદયમાં બળતરા થાય છ." તે માટે કંદોઇની કડાઇની પેઠે મારા પેટમાં બળતરા થાય છે". "ધારિણીનું ચિત્ત રક્ષવા માનરાખવા કાજેજ પોતાનું પ્રભુત્વ પ્રગટ કરતા નથી" ને બદલે "ધારિણીબાના મન મોં માટેજ મોઢે ભાર રાખી શક્યા છે" "ભોગવેલી"ને બદલે "ચોળી મૂકેલી માલતી માળાની" પેઠે, "સાથે" માટે "હાર્યે જ", પૃ. ૩૪માં અંતઃપુર પ્રત્યેના દાક્ષિણ્યને આપ સહસા ત્યજી દો, તે આપને ઘટતું નથી." ને બદલે "રાણીવાસમાં પણ મળી આવતી આવી ચાલાકીને આપ ઠેસે ચડાવો, એ આપનેન્શોભે, "શરમાઉં છું" ને માટે "શરમણી થાઉં છું". "ચાપલ" ને માટે "બાળ વીતળાઇથી", મારા પગ દુઃખી આવ્યા છે, "દારૂપીને ઉબાઇ ગયેલા – કંટાળી ગયેલા"ને માટે "દારૂડિયાને" શું ને બદલે કેમ, "તારો તર્ક સાચો નમાનું" માટે "હું તને સુંદર તર્કશાલી નમાનું", "કમલિનીને જોઇને હાથી ગ્રાહનો પરવા કરતો નથી" ને બદલે "હાથી કમલિની પામ્યો હોય ત્યાં ગ્રાહને જોવાનું ન ઇચ્છે", "સખી આ : ચરણઃ

તારા ખોળામાં મુકું છું તે ને માટે ક્ષમા કરજે", ને બદલે "સખિ! આજો ત્યારે જરા ઘેસ જોઈએ" :ખરાબ ભાષાંતર:. "તું મારું શરીર છે" ને માટે "તું તો મને દેહસમ છે." તે તમે અપરાધ કરશો તો ભવતઃ તમને યે પ્રહાર કરશે" ને બદલે "આપે એ વચ્ચે દખલ કરી તો આપને તે લગાવી દેશે", "યુક્ત મદવાળી" – માત્ર "મદવાળી" જોઈએ, એ "ક્યાંથી જાણ્યું" માટે એ "ક્યાંથી જાણવું", પણ "પીટિયા પગરસ્તે ચાલતા નથી" :ખરાબ પ્રયોગ:, "શિલાપટ્ટ" માટે "પેઢો ! "આંબાનો મોર ખોળતી બેને કીડીએ ચટકો માર્યો ને બદલે "મોર ગોતતી કીડીએ ચટકો માર્યો" :અહીં કીડી મોર ગોતતી નથી, ભાષાંતર ખરાબ છે: "આસોપાલવ ખીલે તે માટે" ને બદલે "આશોપાલવની કોરણ માટે," "ગુરુ દક્ષિણા લેવા ચેલી પાસે ઝટ જાવ," :પૃ. ૪૧: "આશા ફુટીનો ઉત્તર પહેલેથીજ ગોખેલા – ગણેલા જેવો છે." "ને બદલે આશા ફુટીએ પહેલેથીજ ભરડી દીધું જાણે."મનની ઇચ્છા મુજબ શું બોલે છે" ને બદલે "આમ બનાવે છે શું?" :પૃ. ૪૩:, "મસળાય તેમ તેમ સુગંધી આપંતી" ને બદલે "સોમળીશ" તેમ તેમ સુગંધી – – "આર્ય ગૌતમે આ શું કર્યું"? :પૃ. ૪૬: "આસો પાલવ તો ફુલ દેખાડતો નથી પણ આતો પુષ્પ આપશેજ" ને બદલે "આશોપાલવ તો ફક્ત ફુલ દેખાડશે – જ્યારે આ તો ફુલ આપશે ને ફળ પણ આપશે", "મંગળ રાશિમાં વક્ર થાય એમ એ પાછાં ન આવે ત્યાં સુધીમાં આપણે જલ્દી ચાલ્યા જઈએ" – ને બદલે "મંગલરાશિમાં આવતાં આવતાં ખરાબ ન કરી નાંખે એટલી વારમાં આપણે જલ્દી હઠી જઈએ" :પૃ. ૫૩: "પરિજનમાં સંક્રાન્ત વલ્લભત્વ :પ્રેમ: ને નથી જાણતાં તેથી તમારો ઉપચાર મંદ છે". ને બદલે "આપના પરિજન તરફ તેમને વ્હાલપ છે એમ છતાં પણ આવું પૂછો છોએટલે માનું છું કે કાંતો આપને મદ થયો છે, અથવા વિવેક ખાતર પૂછાવો છો", :પૃ. ૫૫: "મને કાંઇક સારું છે"

ને બદલે "મને જરા વધારે છે" :ઉંધોજ અર્થ: ," કોઇ કોઇ કરડ ઝેર વિનાનો પગ હોય છે" :રેખાંકિતને બદલે ડંખ જોઇએ:, "મારાં અંગે અંગ સમસમી ઉઠ્યાં છે" ને બદલે "અત્યંત મારા હાડેહાડ લઇ ઉઠ્યાં છેરે એ એ એ", "આપનું નક્ષત્ર અવગ્રહ વાળું છે" ને બદલે "અત્યારે આપને ક્રૂર ગ્રહોની નડતરવાળું લગ્ન છે", "મંજુષા રત્ન ભાંડ ને ધારણ કરે તેમ તમે વૃથા યૌવનનો ગર્વ ધરાવો છો.", ને બદલે :"પૃ. ૬૧: "જેવી રીતે મજુસમાં રત્નનો ડાબલો સાંતી રાખ્યો હોય ને તે નકામો હોય છે તેવી જ રીતે આપને જુવાનીનો ગર્વ રાખી રહયા છો તે નકામો લાગે છે" "ઇર્ષ્યાપૂર્વક" ને માટે "ખાર કરતી", "આ પણ ગૌતમને કહેવાની જરૂર છે" ને બદલે :પૃ. ૬૫: "આમ પણ ગૌતમને કહેવાય" "જેવા ચિત્રમાં તેવાજ બીજીમાં સંક્રાન્ત હૃદય વાળા તે બન્યા છે" આતો ઉપચારના અતિક્રમને ધોઇ નાખવાનો પ્રયત્ન છે", ને બદલે "છબીમાં જેમ મારામાં આશક હતા, તેમ અત્યારે બીજીમાં આશક બન્યા છે. આતો કેવળ વિવેક ખાતર જઇએ છીએ" :પૃ. ૭૯: "ખરે રતન રાખમાં રગદોળ્યું" -:વધારાનું છે:, "પડતીમાં કેવા પરિભવ પ્રાપ્ત થાય છે" ને બદલે :પૃ. ૮૧: ખરેખરપડતી માણસને તરણા સમાન કરી નાખે છે". "સેનાપતિશ્રીએ મારા બચુને અતિ ભયંકર અધિકાર પર મૂક્યો છે" ને બદલે ... . "મારા બચુને યોગ્ય અધિકારેજ નીમ્યો છે". "તમારે મારો સત્યથી ભ્રંશ ન કરવો" ને બદલે "મારે મારું સત્ય છોડવું પડે એમ તમારે કરવુંનહીં." "અભ્યુદય" માટે "વિજયના સમાચાર," પૃ. ૮૬ अवधीरयति માટે 'મને ભોંઠી પાડશે?", "દિવસે પ્રિયા સમાગમના મનોરથમાં વિઘ્ન તો નથી આવ્યું ને?" ને બદલે "કાં દિવસે પ્રિયા સમાગમનો મનોરથ એળે ગયો કે?" "દેડકાં બોલે એટલે પૃથ્વી પર વરસાદ વરસતો અટકે

કે?" ને બદલે "દેડકાં ડાઉં ડાઉં કરે એટલાથીજ વરસાદને વરસવાનું યાદ આવે કે?", "નીતિશાસ્ત્રનો કટકોય ભણ્યો હોઉં તો ગાયત્રીનાજ સમ" તેને બદલે "જ્યારે નીતિનો બા, એક અક્ષર પણ ભણું છું ત્યારે ગાયત્રી પણ ભુલી જાઉં છું." :ખરાબ અર્થ:', આદિ અનેક સ્થળોએ અનુવાદકે શબ્દપસંદગીમાં કેવી અનુચિત પસંદગી કરી છે તે દેખાઇ આવે છે. અનેક સ્થળે અર્થવિપર્યય કરે છે તેમ આ ધંધામાંનાં કેટલાક ઉદાહરણોથીયે સ્પષ્ટ થાય છે. તે સાથેજ તેમને તળપદી ભાષા અને લોકોક્તિના પ્રયોગોનો એટલો તો શોખ છે કે તે તેમને ગ્રામ્યતામાં ઢસડી જાય છે. તેમના જેવા વિદ્વત્તા-વાળા અનુવાદક પાસેથી જે આશા રાખવામાં આવે તે ફળવતી થતી નથી. એટલું જ નહીં પણ અનુવાદકમાં ~~સંસ્કૃત~~ નથી જળવાતું સંસ્કૃતનું ગૌરવ, તેનું લાલિત્ય, માધુર્ય, અને ધ્વનિયુક્ત અર્થગૌરવ, તેમ નથી આવતો ગુજરાતીનો પ્રસાદ.

પ્રયોગોની બાબતમાંયે પરિસ્થિતિ એવી.છે. ઉપરના ઉદાહરણોમાં રેખાંકિત શબ્દો અયોગ્ય અને અસુભગ છે. તે ઉપરાંત સ્થળે સ્થળે અનુચિત પ્રયોગો નજરે પડે છે. જેમકે રાજા માટે 'બાપુ,' દેવી માટે 'રાણીસાહેબ, દારિકી, દાસી માટે છોકરી, 'વર્ણાવરો'માટે 'ફટાયો,' त्वरयति માટે ધાલાવેલી, सशंभ्रमम् માટે ગભરાઇને કે ભ્રાંતિમાં, પરતંતર, :પરતંત્ર:, वर्धताम् માટે "વંશપરિવારવૃદ્ધિ", દિષ્ટયા માટે "કેવું મજાનું", ઝુલે ને માટે "ઝુલ્લે", પીટિયા શ્રીપગ:, સાધુમાટે "બરાબર", કૃષ્ટ માટે ખેંગાવાળી, हन्तुम् માટે "ઝીંકવાને", મન્દને માટે "ડોબો" વિવેક બિવેક, ગુણબુણ વિચારબિચાર, જ્વર માટે "ઝાર", "મુગ્ધે માટે મુર્ખી", જરી માટે "ઝંરી", વત્સ માટે "બચૂ", કઇ બાજુ માટે "કેમણો"

लेखनकरेण માટે "કારકૂન" પાસે, શરમાય માટે "સોણમાય", એવા કઠે તેવા પ્રયોગો છે. સોરઠી ભાષાની છાંટતો છેજ. તે આવી શિષ્ટકૃતિના અનુવાદમાં અસ્થાને છે.

છંદોપર અનુવાદકનેસારો કાબૂ છે. જેમકે, શ્લોક ૪. પૃ. ૪ : અંક –૧:

શાસ્ત્રજ્ઞો ક્રતુ કાન્ત નેત્ર વિષયી, બોલે સુરોનું જ એ",
તેના ભાગ કરેલ બે સહશિવા સ્વાંગે વળી શંભુએ,
દીસે લોકે ચરિત્ર ભિન્ન રસએ ત્રૈગુણ્યમાંથી થયું
લોકે એકજ નાટયતૃપ્તિ કરતું ભિન્નીચ્છને છેરહ્યું.

માં રેખાંકિત ભાગો સંતોષકારક નથી છતાં એકંદરે છંદ – અને અનુવાદ સારા છે.

પૃ. ૧૬ શ્લોક ૨૧

તે થાળી મધુરગમી મનો મલાવે

એ શ્લોકમાં મલાવે – मदयति નેમાટે છે. બાકી અનુવાદ સારો છે.

અંક ૨ શ્લોક ૩

મોઢું દીર્ઘ દગો શરદ વિધુ પ્રભા અંસે નમ્યા બાહુઓ,
ટૂંકું ઉન્નત ગાઢ થાન ઉરસે જાણે ધસી કુક્ષીઓ,
પેડું હાથભર્યું ભર્યા જ ધનુને પાદો વળ્યાં આંગળે,
ઇચ્છા નર્તકની મને જ્યમ બને એવું શરીરે મળે.

પહેલી પંક્તિના અન્વયમાં ફેરફારથી ગોટાળો થયો છે. દીર્ઘ દગો મુખ વર્ણનની વચ્ચે આવી જાય છે. અમુક પદોનો અનુવાદ કઠે છે.

શ્લોક ૧૨

હંસો આ પદ્મિનીના સુચિરદલતણો ભોજમાં અર્ધ આંખે
બેસીને આ કપોતો, વલભિપરિચયે મ્હેલમાં તાપ સાંખે,

પાંવાને વિન્દુ ઊડયાં ભ્રમણ ગર્જતો આ શિર્ખો વારિયંત્રે,
તારી પેઠે ગુણોથી નૃપ કિરણ બધે સૂર્યદીપે સ્વતંત્રે.
રેખાંકિત ૧. માં દીર્ધિકા શબ્દ છોડયો છે. ૨. मुकुलित नयनाः
માટે બરાબર નથી. ૩એ અર્થ "વલભીના પરિચયનો દ્વેષ
કરે છે." ને બદલે અવળો કર્યો છે. ૪. માં અન્વય બદલ્યો છે.
૫. માં उच्चैः समग्रैः નો અનુવાદ પણ નબળો છે. અંક-૩ના
શ્લોક ૧માં પણ એજ દશા છે.
શ્લોક ૧૫

> અધીર જે, તે ન અધીર, બેઉને,
> સમાગમે પ્રેમ ન એ મને બને,
> નિરાશ જે મેળવવા દરેકને,
> સમાન રાગે, વરનાશ આ ગણે.

માટે મૂળ આ છે: "અનાતુર અને ઉત્કંઠિતનો સમાગમ સિદ્ધ થાય
તોયે મને તે માટે પ્રેમ નથી. મને તે ગમે નહીં. એક બીજાને
મળવામાં નિરાશ પણ સરખા અનુરાગવાળાનાં શરીરનો નાશ
પણ વધારે સારો છે."
મૂળનો અર્થ અહીં પૂરેપૂરો ઉતરતો નથી.
શ્લોક ૨૧

> કેડે છૂટી હેમ કાંચી વડે આ,
> રંગાવાળી, ખૂબ ચણ્ડી મને આ,
> ગાવે જેવી મેઘની હાર ટાણે,
> વિદ્યુદ્દામે વિંધ્યને ઝીંકવાને.

રેખાંકિત बाष्पासारा માટે છે. અને ૨. हन्तुम् માટે
છે. મૂળમાં રાજા અને વિંધ્ય, વિજળી વડે ને હેમકાંચી વડે-
એમ દેહલી દીપકન્યાયે તે લાગુ પડે છે. અહીં અનુવાદ સામાન્ય
જ છે.
અંક ૪, શ્લોક ૧૫

નીવી બંધન છોડવા કરજતા, આ ધ્રુજતી રોકતી,
આ લેખ્યે હઠથી ઉરે ન અડવા આડા કરો ઢાંકતી,
લેવા ચુંબન વસ્ત્ર ઉચ્ચક કરું તે ફેરવી થાપતી,
ઢોંગે આમ છતાં મને સુખતણી આશા પ્રિયા આપતી.

રેખાંકિત बालात् स्तनावरणताम्, અને व्याजेन માટે છે. તે શિથિલ છે. આમ આ અનુવાદમાં :૧: લેખકનો જોડણી વિષયક વિશેષ આગ્રહ :૨: પ્રાંતીયતા :૩: અસુભગ તળપદા પ્રયોગો અને :૪: અર્થવિપર્યય નોંધપાત્ર છે. પરિણામે શુષ્કતા તો આવે છે જ. પણ તે ઘણે સ્થળે ગ્રામ્યતામાં યે સરી પડયા છે. મૂળનું ગૌરવ કે ગુજરાતી ભાષાનો પ્રસાદ આવતા નથી અને અનુવાદ કઢંગો બને છે.

આજ લેખકે આ નાટકનો ગદ્યાનુવાદ ૧૯૪૮માં કર્યો છે, જે નાટક સામયિકના અંકમાં, અને પછી પુસ્તકાકારે પ્રગટ થયો છે. તેમાં સમશ્લોકી અનુવાદને બદલે ગદ્યમાં શ્લોકોનો અનુવાદ આપ્યો છે. તેથી જે કાંઇ ચારુતાનો અંશ હતો તે યે લુપ્ત થયો છે. ક્યાંક શાબ્દિક ફેરફાર અને જોડણીના અત્યાગ્રહનો ત્યાગ કરી તેને શિષ્ટ ધોરણ સરની જોડણી જેવી બનાવવાના પ્રયત્ન સિવાય કાંઇ વિશેષ ફેરફાર કર્યો નથી. માત્ર માલવિકા પ્રયોગ વખતે ગાય છે તે શર્મિષ્ઠાની કૃતિ પદમાં ઉતારી છે. ક્રિયાપદોને અંતે કે, હું, તું જેવા શબ્દોમાં આવતો ઉં હ્સ્વ કર્યો છે. પણ અનુવાદમાં અર્થવિપર્યય અને અનવધાન તો અહીં પણ દેખાય છે. નાટકના અંક અને પુસ્તકાકારે પ્રગટ થયેલા અનુવાદોમાં પણ ક્યાંક કોઇ શબ્દ જેમકે રતનોને બદલે સૂરત, ડોબી સાધુડીને બદલે ડોબી – વગેરે – બદલ્યા છે. અને અન્વયમાં થોડો ફેરફાર કર્યો છે. તે સિવાય કાંઇ વિશેષ ફરકનથી. તેથી પુસ્તકાકારે છે તે અનુવાદનો વિચાર કરતાં नान्दी પૃ. ૧ શ્લોક ૧

ભગવાન મહેશ્વર જેઓ એકલા અનન્ય ઐશ્વર્યશાળી છે, જે શરણે આવેલાને નિહાલ કરી દેનાર છે. છતાં જાતે ચર્મવસ્ત્ર પહેરે છે, દેવી પાર્વતીથી દેહે જોડાયેલો છે, છતાં વિષયહીન યોગીઓને મોખરે છે, જે આઠદેહોથી સમગ્ર જગતને ધારણ કરી રહયો છે, છતાં જેને અભિમાન નથી તે ભગવાન મહેશ્વર સન્માર્ગના પ્રેક્ષણકાજે તમારી તમોમય વૃત્તિને દૂર કરો.

અનુવાદમાં શિથિલતા છે. રેખાંકિત અંશો પૂરો સંતોષ આપતાં નથી. ભગવાન શંકરને માટે એકવચન અને બહુવચન બેઉ વાપર્યાં છે. "પ્રેમની પ્રસાદી"ની પહેલી આવૃત્તિના ઘણાક દોષો ચાલુજ રહયા છે.

પૃ. ૬ એમ પુછયું ....એમ.....મા" એમ બે વખત ન જોઇએ. પૃ. ૮ ઇરાવતી રાણીને ઝાંખી પાડતી માલવિકાને જરૂર જોવી જોઇએ, ત્યાં ઇરાવતી રાણીથી ચઢિયાતી હોય એમ માનું છું. એમ જોઇએ. પૃ. ૧૦ प्रकृत्यमित्र અને प्रतिकूलकारी માટે "ધરમૂળથી જ મારો શત્રુ" અને "ઉલટાં કાર્યોનો કરનારો છે" એમ અનુવાદ છે. પૃ. ૧૧ વૃક્ષને પુષ્પ આવ્યું ને બદલે "ફૂલનો કોંટો ફુટયો" ફુલને કળી હોય છે. અંકુર નહીં. ~~पीठमर्दिका~~ માટે ભેરુ, अलमुपालम्भेन - મને ભોંઠી ન પાડો, वाग्व्यवहारेण - વાણીની રમઝટ, उदरंभरि संवाद - મેઢાંઓની ટક્કર, अपरिनिर्दिष्टे માટે: તાલીમ: બરાબર બેઠી હોય તથા પૃ. ૧૮ - કોપને બહાને રાણીજીએ ગણદાસ તથા તમને બચાવી લીધા" માં મૂળ પ્રથમાવૃત્તિની ભુલ ચાલુ જ રહે છે.

પૃ. ૧૯ परिव्राजिका ની ઉક્તિમાં "દેવશર્મિષ્ઠાની કૃતિ" એ શબ્દો છોડયા છે. "હું તમારી જીતમાં આડે ન હોઉં" ને

બદલે "હું આર્યનો વિજય વાંચ્છું છું".

એક ૧, શ્લોક ૨૧માં મૂળમાં ઉંચી ડોક કરેલા મયૂરોએ વાદ્ય : પુષ્કર:ના અવાજમાં મેઘના ગડગડાટની શંકા કરી છે, ગાજતી અને મધ્યમ સ્વુ- સ્વરમાં ઉપજેલી આ માયૂરી માર્જના મનને મદમસ્તકરે છે. – ને બદલે "મેઘના ગડગડાટની શંકાગણી ઉંચી ડોકે ઠેકાઉઠેકાઉ કરી ગજવી મૂકતી પખાજની મધ્યમસ્વરમાં ઉઠેલી મોરટહુકડી થાપો મનડાંને મંદીલાં કરી નાખે છે" એમ કર્યું છે. તેને મૂળસાથે સરખાવી જોતાં પ્રસ્તાર અને અર્થમાં ફેરફારનો ખ્યાલ આવે છે.

પૃ. ૨૨ શ્લોક ૪માંની ગાથાનો અનુવાદ આમ કર્યો છે.

> પ્રિય મળવો મુશ્કેલ જગતમાં, મન તું આશા મેલ.
> ડાબી આંખ અરે આ ફરકે, પ્રભુએ શું ધારેલ?
> ઘણા સમયપછી જોયો એને, ક્યમ હો એનો મેળ?
> પરાધીન તું નાથ મને ગણ તુજને ઝંખી રહેલ.

માં રેખાંકિત ૧. વધારો છે. ૨. માં અર્થ સુભગરીતે વ્યક્ત થતો નથી.

શ્લોક ૬ સારી પાસેથી જાણ્યું કે પ્રિયા નજીકમાંજ છે એટલે મારા વ્યાકુળ ચિત્તમાં ટાઢક વળી છે. જેમ નદી ઘાડી ઝાડીમાં મૂંકાઇ ગઇ હોય, પણ સારસ ટહુકે એટલે તરસ્યા મુસાફરના મનને – અન્વય ખરાબ છે.

પૃ. ૪૭ नूनमिदमनुज्ञातम् એ શબ્દો મૂળમાં સ્વગત નથી. તેને સ્વગત તરીકે મૂકે છે. ને "મને સંમતિ સોંપે છે" એમ અર્થ કરે છે. પૃ. ૬૧ મને મંદ ભાગિનીને તો સ્વામીનો સમાગમે દુર્લભ હતો – ને બદલે "મારી કમનસીબી હતી" – વગેરે કરે છે. પૃ. ૬૩ "ચંદ્રિકાએ તને સાચુંજ કહ્યું હતું." ને બદલે "ચંદ્રિકાએ જોયા એ તારો સંદેહ સાચો હતો."

"જો અનુમતિ આપો તો મહારાજનું પ્રિય કરું" – ને બદલે "જો તમારી સંમતિ હોય તો તમારા વિષયમાં પણ મહારાજને વિનંતી કરું" એમ કરેછે.

પૃ. ૭૨ વિદૂષકની ઉક્તિમાં ગંભીર ગોટાળો થયો છે તે કહે છે "આજે મહારાણી ધારિણી બાને પંડિત કૌશિકી કહેતાં હતાં કે........જોઈએ....." આજે મહારાણી ધારિણીએ પંડિત કૌશિકીને કહ્યું છે કે....."

मम आरंभः મારો મનોરથ – ખોટું ભાષાંતર છે. મારો સમારંભ – એમ જોઈએ.

શ્લોક ૫માં "પહેલાં વસંતના વિભવને સુચવતાં બધા અશોક તરુઓનાં પુષ્પો દોહદ પૂરું થતાં જ આનામાં સંક્રમિત થયાં છે" ને બદલે "પ્રથમ વસંતે ભપકાની રચના કરી ત્યારે આ બધાં અશોકનાં પુષ્પ આ અશોકનો પુષ્પાગમ પાર પડી જતાં એમાંજ જાણે કે આવીને સમાઇ ગયાં છે." રચના કઢંગી છે. ક્યાંક અનુચિત શબ્દપ્રયોગો છે. પૃ. ૭૪ "આર્યપુત્ર અમે તરુણ સ્ત્રીઓ સાથે તમારા સંકેતગૃહ તરીકે આ બનાવ્યો છે," ને બદલે "તમારી મદદમાં આ અમે તરુણ સ્ત્રીઓ રહીએ છીએ એ રીતે આ અશોકને અમે તમારું મેળાપનું સ્થાન કર્યો છે." કઢંગુ ભાષાંતર છે. પૃ. ૮૩ આજે વીરસ શબ્દ સાર્થક થઇ ઊભો છે. રેખાંકિત માટે થયો છે એટલું જ જોઇએ. પૃ. ૬ ઇરાવતી – તો ખરેજ મેં સ્વામીને અનુકુળ આચરણ કર્યું છે." ને બદલે, પણ એતો મારા પ્રાણ પતિ છે. પતિને જે ગમે તેવું જ વર્તન મારે રાખવું જોઇએ." – એમ કર્યું છે. રેખાંકિત ઉમેરો છે. બાકી ભૂલ ભરેલું છે.

ભરતવાક્યમાં અનુવાદક, કવિને કાલીના ભક્ત માને છે, તેને માટે "ચણ્ડિ" શબ્દ નું પ્રમાણ ધરે છે. મુળમાંતો તે રાણીને કરેલું સંબોધન છે. બીજોઅર્થ ઘટાવવા માટે કોઇ સમુચિત

કારણ નથી. માન્યતા ખોટી છે.

નાના પ્રયોગોમાં તો અહિંએ ઘણી ભૂલો કે અનૌચિત્ય છે. ઉદાહરણ તરીકે, પૃ. ૬ બાકી નાખ્યું, પૃ. ૭ प्रतिपद्यते માટે 'કહેવા માગે છે', પૃ. ૧૪प्रधानत्वं उपहरति માટે 'વશેકાઇ થશે', પૃ. ૧૫, वाग्व्यवहारेण માટે 'વાણીની રમઝટથી' અને तितिक्षमाणस्य માટે 'બુઠ્ઠે કાને સાંભળ્યા કરે,' પૃ. ૨૭ विषदिग्धः માટે 'ઝેર ચોંટયું,' પૃ. ૨૯. कौलीनम् માટે 'ગામગપાટા,' પૃ. ૩૨ करतलइव માટે 'હાથવેંતમાં,' પૃ. ૪૫, रंभोरु માટે 'કેળજંઘી' - जंघाबलपरिहीने માટે 'ટાંગાનું જોરજ', પૃ. ૪૬ 'થાવા દો' - વાતચીત ભલે ચાલે એ અર્થમાં, विद्युत्दामगम માટે 'વીજળી રૂપી દોરડાથી,' પૃ. ૫૨માં 'વિવેક બિવેક', પૃ. ૫૯માં स्थिति માટે 'સ્થિતિને,' પૃ. ૬૧. नवाङ्गना માટે 'નવતેરી નારી,' પૃ. ૬૫. अत्याहितम् માટે ભારે થઇ છે, અને हा धिक् हा धिक् માટે 'ફટરેફટ,' પૃ. ૭૪. विस्रब्धो भूत्वा માટે 'નિરાંત રાખી', પૃ. ૭૬. अभिविनीतै માટે ~~વટેમાર્ગ~~ 'રસધરાવે છે,' પૃ. ૭૯ सार्थवाह योद्धाः માટે 'વટેમાર્ગુના યોદ્ધા' પૃ. ૮૦. अतदवसानं कथायाः માટે 'આ વાતને આ ચીત' -વગેરે પ્રયોગો ઘણામાંથી થોડા નમૂના છે. બાકી પહેલી આવૃત્તિ :૧૯૨૪: ની ઘણીખરી મર્યાદાઓ અહીં પણ ચાલુ રહે છે. તેથી અનુવાદ નબળો, શુષ્ક અને કઢંગો થાય છે. એમના જેવા અનુવાદક પાસેથી જે અપેક્ષા રાખી હોય તે ~~જુ~~ જરાય સંતોષ આપતી નથી.

બળવંતરાય ક. ઠાકોર – ૧૯૩૩

મહાકવિ કાલિદાસના માલવિકાગ્નિમિત્ર નાટકના અનુવાદોમાં ગુજરાતીના સમર્થક સર્જક, વિવેચક અને સાક્ષર સ્વ. ઠાકોરનો આ અનુવાદ તેમની વિદ્વત્તા વિચક્ષણતા, વિલક્ષણતા અને વિશેષતાઓનો પડઘો પાડતો હોઇ અનેકરીતે નોંધપાત્ર છે.

નાન્દી શ્લોક ૧ સ્રગ્ધરા

ઐશ્વર્યે અદ્વિતીય, પ્રણત ભગતના કોડપૂર્યે અજોડ,
ને પોતે ચર્મધારી !
કાન્તા છે વામ કાયા, વિષય જીત યતીન્દ્રોથી તોયે અગમ્ય,
આખું બ્રહ્માંડ આઠે, તનુ થકી ખિલવે, તોય નિર્ગર્વ ભોળો,
દેખે સન્માર્ગ માટે, તમસ સહુતણું ટાળજો તે મહેશ.

પં. ૪માં વઃ છે. તેથી સહુતણું ને બદલે 'તમતણું' વધારે મૂલાનુસારી થઇ શકે.

શ્લોક ૨માં अन्यतरद् માટે "જૂનું – નવું" અનુવાદ કરે છે. અનુવાદકને શૈલીની દૃષ્ટિએ કેટલાક વિશિષ્ટ પ્રયોગો કરવાનો શોખ છે. તે નમૂના સ્થાને સ્થાને મળે છે. તેમાં પૃ. ૧૦૫૨ શિલ્પ માટે "જડિયો", પૃ. ૧૧–૫૨ પ્રતિપદ્યતે માટે "ઘાટઘડે છે" कार्यविनिमयेन માટે "અદલાબદલી માગવાની", પૃ. ૧૪ ૫૨ वर्धताम् भवान् માટે "આપની બઢતી" પૃ. ૧૬ बाढं जाते માટે "અક્ષરે અક્ષર સાચું". ૧૯–૫૨ उदरंभरि संवादम् માટે "મહનમેઠાઓની ટક્કર" मुधावेतन दानेन માટે "માલમલીદાની રાતબ અમથી અમથી શા માટે ખવડાવવી", मा अेवम् चण्डि માટે

"જીના, અમઅને ન ભડકે", અંક ૩માં શ્લોક ૬૧માં "સુણતાં" ને બદલે "શ્રુણતાં" પૃ. ૪૩ દાસીપુત્રી માટે "લોંડી", ૧૪૬ પર સર્પો માટે "એરુ", આદિ ધ્યાન ખેંચે તેવા નમૂના છે.

શ્લોક ૪

દેવોના મુનિયો ગણે પ્રિય મખ, પ્રત્યક્ષ આ નાટ્ય છે,
એકાંગે વિહરન્ત તે શૂલિશિવા મૂર્તિ દ્વિધા નાટ્યની,
ચર્યાંભિન્ન ગુણીથી એ રસભરી દેખાડતું લોકની,
ને લોકો રૂચિ ભિન્ન, તેય બહુધા રાચે એકમાં.

અનુવાદ સારો છે. અનુવાદકની સંકુલ શૈલીના નમૂના તરીકેય, નોંધપાત્ર છે. પં. ૨૩નો અનુવાદ સંકુલ છે. મૂળમાં રૂદ્રે ઉમા પોતાના શરીરમાં મળી ગયાં ત્યારે તેને બે વિભાગમાં વહેંચ્યું છે, નાનારસ વાળું, ત્રિગુણથી જન્મતું લોક ચરિત્ર અહીં જોવા મળે છે. એમ નાટ્ય ભિન્ન વૃત્તિવાળા લોકોનું અનેક રીતે એકજ સમારાધનનું સાધન છે." એમ છે. તેને આમ મૂક્યું છે. તે સંકુલતાની પ્રતીતિ કરાવે છે. ક્યાંક જોડણી છંદાનુસારી રાખી છે. મૂળ "ઝરી"નું જરી કર્યું છે. "मदपेक्षया" માટે "અમારા સદ્ભાવની દરકાર હોય" એમ કહે છે. પૃ. ૧૩. પર अवितथं तन्त्राकारवचनम् - માટે તંત્રકારનું વચન! એમાં શો સંદેહ! આવા નમૂના લેખક - અનુવાદક વાક્ય લઢણોને સ્વાભાવિક બનાવવાના કેવા પ્રયોગો કરે છે તેના નમૂના છે.

શ્લોક ૧૨

આપે રજા નર છડીધર દેવડીએ,
સિંહાસને અવર સેવક જયતેડિ,
ત્યાંતો ઝગંતિ પ્રતિમા જુગ કોઈ આંજી,
શબ્દો વિના પ્રણામના ઉચ્ચરંત જાણે!

સાદું ભાષાંતર છે. રેખાંકિત પ્રયોગો ધ્યાન ખેંચે છે. દેવડીએ માટે મૂળમાં "द्वारे नियुक्त" શબ્દો છે.

શ્લોક ૧૮

अनिमित्त इन्दु वदने ~~અનિમિત્ત-ઈંદુવદને સ્વામિ-વિમુખતા~~

અનિમિત્ત ઈંદુવદને સ્વામિ વિમુખતા કરો જિ શા માટે?

પ્રભુ હો ગુલામ તોયે ગૃહિણી અવકારણ નવકોપે.

સારો અનુવાદ છે. બીજી ~~પંક્તિ~~ ૫૪૬ વિષે મનનિકામાં વિચાર કર્યો છે. તે તથા એ પંક્તિ નોંધપાત્ર છે - એની રચનામાં આવતા "ગુલામ" શબ્દ માટે ૦

શ્લોક ૧૯ અનુષ્ટુપ

<u>તાલીમ તુલના માટે</u> શિષ્યા પ્રદર્શવા ચહું,

રજાદેવિ નથી તેની, <u>રખવાળો છ તો મ્હને</u>

રેખાંકિત પ્રયોગો નોંધવા જેવા છે. સમાસમાં ભિન્ન ભિન્ન ભાષાના પ્રયોગોનો સંકર કરવાનો વિલક્ષણ શોખ દેખાય છે. તળપદી ભાષાના પ્રયોગોનું યે એમજ. પણ અહીં એની અતિશયતા થઇ છે. "તાલીમ-તુલના"માં તે દેખાય છે. અને કઠે છે, કર્ણકટુ લાગે છે. કેમકે મહાકવિ કાલિદાસ જેવાની સંસ્કૃતભાષાની કૃતિના અનુવાદમાં તે અસ્થાને છે.

પૃ. ૨૪ શ્લોક ૨૧

માયૂરી સગખમ માર્જના ધૂમે આ,
ગર્જન્તો ઘન ગણી નાચતા સુકંઠો
ઉત્કંઠે શુરજ રવે એ ટહુકો,
આહલાદે મદ લહરે ભરે ઉરોને.)

સુંદર અનુવાદ છે. મનનિકામાં માયૂરી માર્જના વિષે વિગતે કરેલો વિચાર અનુવાદકનું તે વિષેનું જ્ઞાન સૂચવે છે, અભિનિવેશ બતાવે છે.

અંક ૨માં અને અન્યત્ર પણ અનુવાદક ઘણા શ્લોકોના સારા અનુવાદ આપે છે. તેમનું છંદઃપ્રભુત્વ આનંદ દાયક છે. ~~પણ~~ શ્લોક ૩-૪-૫, અંક ૩ના શ્લોક ૫,૧૫ આદિ અનુવાદો પણ સારા છે.

શ્લોક ૪ :

દીર્ઘાક્ષી શરદિન્દુ તુલ્યવદન, સ્કંધો વળેલા ઉંચે
સંક્ષિપ્તોન્નત છે સ્તનો સુદૃઢ, તો પાર્શ્વ ઉતારેલશાં!
વ્હેંતી કમ્મર, તો નિતમ્બ જઘનો, પાદાંગુલે વંકિમા,
સુશ્લિષ્ટાકૃતિ જેમ હો નચવવી, નૃત્યક્ષમા તેહવી.

રેખાંકિત પદો એ ઘણા અનુવાદકોને મુંઝવ્યા છે. અહીં પણ એમ થયું છે. છતાં શ્લોકનો અનુવાદ, થયેલા અનુવાદોમાં વધારેમાં વધારે સારો છે. શ્લોકોના અનુવાદોમાં લાંબા સમાસોનો પ્રયોગ અનુવાદકની એક વિશેષતા છે. મહાકવિ કાલિદાસની પ્રસન્ન, ઘન, ચોટદાર અને ધ્વનિયુક્ત સંસ્કૃત વાણીને અન્ય ભાષામાં ઉતારતાં આવી મુશ્કેલી તો રહેવાની, અને આવું તો બનતું રહેવાનું. તેના ધ્વનિને ઉતારવા સ્વ. ઠાકોર, બધા અનુવાદકોમાં પ્રસ્તાર કરવાની વૃત્તિનો અભાવ, યોગ્ય સ્થાને યોગ્ય સૂચક શબ્દનો પસંદગી, સમશ્લોક અનુવાદ વગેરેને કારણે કવિની વધારેમાં વધારે નજીક છે, તેથી અનુવાદ પણ મૂળનું યે સારું પ્રતિબિંબ પાડે છે.

શ્લોક ૫ પં. ૩માં

ઓ એ લામ્બે કાળ ઝાંખું...... માં દીર્ઘ વર્ણોનો પ્રયોગ દીર્ઘ સમયનો ખ્યાલ આપે છે. શ્લોક ૧૦ પં. ૧માં "કલાતાલીય" જેવો વિચિત્ર અને સંકરયુક્ત પ્રયોગ છે.

ભાષણ ૫૪નો અનુવાદ સારો. ગીધને બદલે 'પંખી' કરેલું છે. તે માટેના મનનિકામાં આપેલા ઝીણવટભર્યાં કારણો પ્રતીતિકર છે. "પંખી" શબ્દ જ સારો લાગે છે.

અંક ૩ શ્લોક ૫

રક્તા શોકફૂલે નિચ્યા નમવતી, બિમ્બોષ્ઠ રંગેલને,
શ્યામા રક્ત સમુજ્જ્વલાં કુરબકે, ઝાંખાં કરે લોચન,
કાળાં બિન્દુ સમ દ્વિરેફ તિલકે પાડી રહે આડને,
વાસંતી શ્રીય આસ્ય સંસ્કરણમાં સ્ત્રી વર્ગ સ્હેજે હરે.

રેખાંકિત પ્રયોગો કંઇક અસંતોષ કારક છે. ભાષાંતર સારું છે. પણ સમાસ બહુલ છે. રેખાંકિત ૧. છંદાનુસારી જોડણીનો નમૂનોછે. ૨. તળપદો પ્રયોગ છે. ૩. માં "હરે"માં "હરાવે" નો અર્થ ભાગ્યેજ આવે છે. શ્લોક ૭નો અનુવાદ પં. ૩-૪માં માલવિકાને પોતાનું જીવન ગણાવે છે તેના વિશેષણ તરીકે કુચ દડિયાળું, મૃગનયનાળું વાપરે છે. સમશ્લોકી અનુવાદ કરવા માટે એમ કરવું પડ્યું છે. બીજે માર્ગ ભાગ્યેજ દેખાય છે. પૃ. ૪૩ પર જે નિપુણિકાને રાજના વતી વિદૂષકે દૂતી કાર્ય સોંપ્યું છે તેને માટે દાસીપુત્રી શબ્દ વાપર્યો છે. સંસ્કૃતમાં તે લગભગ ગાળ તરીકે વપરાય છે. અહીં તેને માટે "લોંડી" શબ્દ વાપર્યો છે. પણ જેને આવું મહત્ત્વનું કામ સોંપ્યું છે, તેને માટે એ પ્રયોગ કઠે તેવો છે.

ભા. ૮૦માં હૃદયના ધબકવા માટે "લબકે છે", પણ નોંધવા જેવો પ્રયોગ છે. ભા. ૧૪૫માં કૈંક પ્રસ્તાર છે. પણ સે સુંદર રચનાવાળું છે.

અંક ૪ ભાષણ ૧૪નો અનુવાદ ઘણાખરા અનુવાદકોથી જુદો પડે છે. પણ તેને માટે અનુવાદકે કરેલી ચર્ચા પ્રતીતિકર છે. "પછી માનીતાંની પાસે પધાર્યા" તાને?

પૃ. ૭૧ શ્લોક ૧૫

હંફાવે રશનાવિહાર કરને નાનાવિધા દોલન,
આલિંગાય બળે બને સ્તનતણો, સન્નાહ હસ્ત દ્વય,

ચ્હાતાં ચુંબન, પક્ષ્મલાક્ષ મુખડું નીચું ન ઊંચું થતું,
લીલાએ સહુ દેતિ તોય નવલા સંયોગ લ્હાવા જ શા!
સુંદર અનુવાદ છે.

ભા. ૧૪૨ સાંભળ્યું ને આ પેટભરો ઢોંગી કોનોમુવો છે જે! વેળકવેળે પાકાંસીધાં લઇ લઇને ફાંદ ફુલાવી છે તો અહીંઆંથી અને સમણામાં એને માલવિકા સાંભરે છે. "દાસીની ઉક્તિ તરીકે આ તળપદી ભાષા સ્વાભાવિકલાગે છે. અંક પાંચમાના ૧, ૨, ૪, ૫, ૭, ૧૦, ૧૪, ૧૭, ૨૦ શ્લોકોના અનુવાદો સારા છે. ભા. ૫૪માં અભિવિનીતે માટે ઉસ્તાદી શબ્દ વાપરે છે. આમ અનુવાદ સારો છે. પણ અહીં તે શબ્દ કઠે છે. ભાષણ ૯૩ માં कृच्छ्रम् માટે "સાંકડમાં" કરે છે. આમ વિચારતાં, અનુવાદની વિશેષતાઓ આ છે.

:૧: અનુવાદકે અનુવાદ કરતાં પહેલાં જહેમત ઉઠાવીને ઘણી આવૃત્તિઓ અને હસ્તપ્રતો મેળવી, પાઠોની તૂલના અને સંશોધન કર્યું છે. ખંતપૂર્વકની અને સૂક્ષ્મ તુલના પછીજ ત્યાગ કે સ્વીકાર કર્યો છે. લહિયાઓને હાથે ભ્રષ્ટ થયેલા સ્થાનોનો વિચાર કર્યો છે અને તેને શુદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે, તે બહુધા ઉચિત લાગે છે. પાત્રોની ઉક્તિ અને ભાષણમાં કંઇક ગડબડ થઇ હોય તો તેનોય વિચાર કરી તેને વ્યવસ્થિત કરવા પ્રયત્ન કર્યો છે. તેમની નિષ્ઠા, તેમનો અભિનિવેશ માન પ્રેરક છે. મૂળનાં ભાષણોને સમજવામાં અને ગુજરાતીમાં ઉતારવામાં તે ભાગ્યેજ ભૂલ કરે છે. આ કારણોને લીધે આ અનુવાદ મૂળની વધારેમાં વધારે નજીકનો લાગે છે.

:૨: અનુવાદકનું ભાષા અને છંદઉપરનું પ્રભુત્વ ધ્યાન ખેંચે તેવું છે. ઘણા શ્લોકોના અનુવાદ સુંદર છે, આનંદપ્રેરક છે. જો કે કલાતાલીમ, તાલીમતુલના, ઉસ્તાદી જેવા ભાષાસંકરવાળા સમાસો કે પ્રયોગો કઠે છે. પણ આ અનુવાદમાં આ લક્ષણ ચંદ્રના લાંછન જેવું છે. તે શબ્દોના અજ્ઞાન કે પ્રયોગશક્તિની અશક્તિનું નહીં, પણ વિચક્ષણ પ્રયોગના ભાનપૂર્વકના શોખનું પરિણામ છે.

મનોનિકા નામક લાંબી, સૂક્ષ્મ દૃષ્ટિએ રચેલી ટીકાને

કારણે યે તેનું મુલ્ય વધે છે, તે જમાનો, તેનો ઇતિહાસ, આ નાટકોના પ્રસંગોની ઐતિહાસિકતા, કાલિદાસનો અને નાટકના કાર્યનો સમયવિચાર, છંદોની સમર્થ વ્યાખ્યા, નૃત્ય, પંચાંગાભિનય, ત્રીજા અંકનું પ્રભાગમાં દૃશ્યને વહેંચી નાખતું કાર્ય, પાત્રોના ગુણાવગુણ વગેરેની વિચારણા સૂક્ષ્મ અને સમર્થ છે. અનુવાદક ઇતિહાસના સમર્થ અભ્યાસી અને જ્ઞાતા હતા. છતાં તેમનાં કેટલાંક વિધાનો માટે મતભેદને અવકાશ રહે તે સ્વાભાવિક છે.

શુંગોના યુગમાં બૌદ્ધ અને બ્રાહ્મણ ધર્મોની સ્થિતિ, પરસ્પર સંબંધો બૌદ્ધોપર ગુજારવામાં આવેલો જુલમ આદિ એવા વિધાનો છે. જ્યાં સુધી સબળ પૂરાવા ન મળે ત્યાં સુધી તેમને સ્વીકારવામાં સંકોચ થાય તે સમજી શકાય તેવું છે, પણ આ વિધાનો અને વિચારણા મૌલિક દૃષ્ટિ તો સુચવેજ છે, વિચાર પ્રેરક પણ છે. તે તરફ ~~ત્વ~~ બીજા કોઇ અનુવાદકની ભાગ્યેજ નજર ગઇ છે. તેમાં તે સમય વિષે પ્રકાશ પાડવાનો પ્રયત્ન છે. અંકોને અંશોમાં વહેંચી નાંખ્યા છે. નાટકમાં કાવ્ય અને અભિનયના સ્થાન વિષે પણ સારી વિચારણા છે. આમ તેની ભાષાવિષયક કંઇક વિચિત્રતા, શ્લોકાદિના અનુવાદમાં આવતી સમાસબહુલતા, અને સમાસમાં વિવિધ ભાષાનો સંકર કરવાની વૃત્તિ વગેરે અંશો છતાં, મહાકવિ કાલિદાસની કૃતિનો તે વધારેમાં વધારે વફાદાર પડઘો પાડે છે, વધારેમાં વધારે સારો અનુવાદ છે એમ નિઃશંક કહી શકાય.